©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 24th JULY, 2025/SRAVANA 02, 1947 [Issue No. 30

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	677-692	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	2487-2556
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the I/c. Principal District Judge

Read :

(1) Legal Department, Gandhinagr Notification No. GK/ 2012/51/SCA/102012/2244/D, dtd. 18-09-2012.

(2) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/ 2025[4], dtd. 22-04-2025.

(3) Hon'ble High Court of Gujarat Letter No. A. 1201/ 2025, dated 26-04-2025.

(4) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/ 2025[6], dated 04-05-2025.

(5) District Court, Surendranagr, Notification No. A1/5992/ 2024, dtd. 10-10-2024.

NOTIFICATION

No. IB/A.1/2411/2025.-The undersigned is pleased to modify the notification cited in the preamble at Sr. No. 5 and to nominate the Court of 5th Additional District & Sessions Judge, Surendranagar at District Head Quarter will be the " Special Court" to deal with the cases related to The ElectricityAct-2003, for the purpose of the speedy trial and disposal of such cases in accordance with law, till further order, with immediate effect from Dt. 05-05-2025.

Surendranagar, 05th May, 2025.

Read :

(1) Notification No. GK/55/2016/SCT/102016/2599/D, dated 15-09-2016 of Legal Departmnet, Govt. of Gujarat, Sachivalaya, Gandhinagar.

(2) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/ 2025[4], dtd. 22-04-2025.

(3) Hon'ble High Court of Gujarat Letter No. A. 1201/ 2025, dated 26-04-2025.

(4) Hon'ble High Court of Gujarat Notification No. A. 1201/ 2025[6], dated 04-05-2025.

(5) District Court, Surendranagr, Notification No. A1/5991/ 24, dated 10-10-2024.

NOTIFICATION

No. IB/A.1/2410/2025.-The undersigned is pleased to modify the notification cited in the preamble at Sr. No. 5 and to nominate the Court of 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar at District Head Quarter to "Exclusive Special Court" to exclusively deal with the cases related to the Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities Act), 1989 for the purpose of the speedy trial and disposal of such cases in accordance with law, till further order, with effect from dated 05-05-2025.

Surendranagar, 05th May, 2025.

N. G. Shah
I/c. Principal District Judge,
Surendranagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/ફટાકડા/પ્રતિબંધ/૦૫/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ તથા પૂર્વ કચ્છ-ગાંધીધામની કચેરીના તા. ૦૯-૦૫-૨૦૨૫ વાળા પત્રની વિગતે હાલના સંજોગોને ધ્યાને લઈ કોઈપણ કૃત્યથી આમ જનતાના મનમાં કોઈ ભય કે શંકા ઉત્પન્ન થાય તે હિતાવહ નથી. ફટાકડા ફોડવાથી જયારે મોટો અવાજ થતો હોય ત્યારે લોકોના મનમાં ભય અને શંકા ઉત્પન્ન થાય છે જેથી હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવા કૃત્ય ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલી સત્તાની રૂએ કચ્છ જિલ્લાના હદ વિસ્તારમાં કોઈપણ જાતના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા :

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારુ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન, તેમજ જિલ્લા પંચાયત હસ્તકની તમામ કચેરીઓ અને ગ્રામ પંચાયતોના નોટીસ બોર્ડ પર તથા મહેસૂલી તમામ કચેરીઓના નોટીસ બોર્ડ પર તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર ચોટાડી પ્રસિધ્ધિ કરવી.

આ જાહેરનામું તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૧૫-૦૫-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજરોજ તા. ૦૯-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૦૯ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૬-૦૬-૨૦૨૫ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છની તા. ૨૪-૦૬-૨૦૨૫ વાળી દરખાસ્તની વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના પેટા વિભાગ હસ્તકના માતાના મઢ થી કોટડા રોડનાં ચે. ૦/૬૦૦ થી ૩/૬૦૦ વચ્ચે ખનીજનો જથ્થો આવેલ હોઈ, ચે. ૦/૬૦૦ થી ૩/૬૦૦ કુલ ૩.૦૦ કિ.મી. રસ્તો જી.એમ.ડી.સી.ને સુપ્રત કરવાનો હોવાથી આ રસ્તો સામાન્ય વાહનવ્યવહાર માટે બંધ કરવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા હંગામી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે જેની વિગતે નીજે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૧-૦૧-૨૦૨૬ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ રસ્તાઓ/માર્ગ પરથી વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

અનુસૂચિ :

- માતાના મઢ થી કોટડા રોડનાં ચે. ૦/૬૦૦ થી ૩/૬૦૦ સુધીના રસ્તા પરથી વાહનો અવર-જવર કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

- ચે. ૦/૬૦૦ થી ડાબી તરફ પાકો ડામર રસ્તો કોટડા ગામ તરફ ચે. ૩/૬૦૦ પર હયાત રસ્તાને મળે છે જે રસ્તા પરથી વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામું નીચેના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી વાહનો/સરકારી કામે રોકવામાં આવેલ વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ/સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નખત્રાણાના આદેશાનુસાર સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૦૨-૦૭-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૦૨ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/ફોન પ્રતિબંધ/૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૬-૧૨-૧૯૯૪ના હુકમ ક્રમાંક : એસઈસી/ઈએલસી/એમયુએન/એસસીએલ/૯૪ની વિગતે અને ભારતના ચૂંટણી પંચે, સુચના ક્રમાંક ૪૬૪/આઈએનએસટી/૯૮/પીએલએન-I તા. ૧૪-૦૨-૧૯૯૮ થી, મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે જરૂરી સુચનાઓ આપેલ છે.

જેથી હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લાની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોનાં મતદાર વિસ્તારમાં મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ તથા મત ગણતરીના દિવસે મત ગણતરી કેન્દ્ર ખાતે નિવારક પગલાં લેવા બાબતે નીચે મૂજબના હુકમો કરૂં છું.

- મતદાનના દિવસ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન મથકમાં કે મતદાન મથકની ૧૦૦મી ત્રિજ્યામાં કોઈપણ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહી કે ઉપયોગ કરી શકશે નહી. કે વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જઈ શકશે નહીં.
- મતગણતરીના દિવસ તા. ૨૫-૦૬-૨૦૨૫ ના મતગણતરી કેન્દ્રની અંદર કે આસપાસ કે મત ગણતરી કેન્દ્રની આસાપાસ કોર્ડન કરવામાં આવેલ વિસ્તારની અંદર કોઈપણ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહી કે ઉપયોગ કરી શકશે નહી કે વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જઈ શકશે નહીં.

આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતોને લાગુ પડશે નહી.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ચાર્જમાં હોય તેવા અધિકારીઓ અને ફરજ પર મુકેલા સલામતી માટેના કર્મચારીઓ તથા અધિકૃત કરેલ ચંટણી ફરજ પરના અધિકારી/કર્મચારીઓ.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે

ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/મતદાન મથક તકેદકારી/૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૭-૧૧-૨૦૨૧ના હુકમ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક થી, મતદાનના દિવસે મતદાન બૂથની આસપાસ નિવારક પગલાં લેવા તથા રાજકીય પક્ષો, ઉમદેવારો, કાર્યકરો દ્વારા ઉભા કરવામાં આવતા બૂથોના નિયમન બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે.

જેથી હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લાની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોનાં મતદાર વિસ્તારમાં મતદાન બૂથની આસપાસ નિવારક પગલાં લેવા તથા ઉમેદવારો, કાર્યકરો, રાજકીય પક્ષો દ્વારા ઉભા કરવામાં આવતા બૂથોના નિયમન બાબતે નીચે મુજબના હુકમો કરૂં છું.

૧. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ બૂથ ઉભું કરી શકાશે નહી. જ્યાં એક જ પ્રિમાઈસીસમાં એકથી વધુ મતદાન મથક ઉભા કરવામાં આવેલ હોય ત્યાં પણ આવા પ્રિમાઈસીસની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારની બહાર આવા મતદાન મથકોના જુથ દીઠ એક જ બૂથ પ્રતિ ઉમેદવાર ઉભા કરી શકાશે.

૨. આવા દરેક બૂથ દીઠ ફકત એક ટેબલ, બે ખુરશી, અને બે જ વ્યકિત રહી શકશે, અને આ બે વ્યકિતઓ હવામાન પરિસ્થિતિઓથી બચવા ફકત એક છત્રી અથવા તાડપત્રી કે કપડાનો ટુકડો ઉપયોગમાં લઈ શકશે. પરંતુ તેની ચારે બાજુથી કંતાન કે કાપડથી બંધ કરી શકશે નહી.

૩. આવા બૂથો ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વ પરવાનગી સિવાય ઉભા કરી શકાશે નહી. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા પરવાનગીમાં દર્શાવેલ નામ સિવાયના વ્યકિત આવા બૂથ પર હાજર રહી શકશે નહી. આ ઉપરાંત આવા બૂથ ઉભા કરવા માટે જે જે સ્થાનીય સત્તામંડળો પાસેથી પરવાનગી મેળવવી જરૂરી હોય તેની પરવાનગી પહેલેથી જ મેળવી લેવાની રહેશે. આવા બૂથની તમામ પરવાનગીઓ બૂથ ખાતે રાખવાની રહેશે.

૪. આવા બૂથ ફકત ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓને આધીન તૈયાર કરવામાં આવેલ ઉમેદવારના નામ અને પ્રતિક તેમજ રાજકીય પક્ષના નામ છાપ્યા સિવાયની બિનસત્તાવાર મતદાર કાપલી કાઢી આપવાના એકમાત્ર હેતુથી જ ઉભા કરી શકાશે.

૫. આવા બૂથ પર કોઈપણ સંજોગોમાં ભીડ જમા થઈ શકશે નહી. જે વ્યકિતઓ મતદાન કરી ચૂકયા હોય તેવા વ્યક્તિઓ આવા બૂથ પર જઈ શકશે નહી.

૬. આવા બૂથ પર રહેલ વ્યકિતઓ કોઈ પણ સંજોગોમાં મતદારોને અન્ય ઉમેદવારના બૂથ તરફ જતાં કે મતદાન મથક તરફ જવાના રસ્તામાં કોઈપણ પ્રકારે મતદારોને તેમની ઈચ્છા મુજબ પોતાનો મતાધિકાર ભોગવવાથી અવરોધી શકશે નહી.

કોઈ ઉમેદવાર અથવા કોઈ વ્યકિત અથવા રાજકીય પક્ષ દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/મકાન-મિલ્કત/એસ.આર./૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

ચૂંટણી સમય દરમ્યાન ઉમેરવારો/રાજકીય પક્ષ તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા/બેનર વગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબર યુકત પ્રદર્શન ન થાય તે હેતુથી રાજ્ય ચૂંટણી આયોગે નક્કી કરેલ આચાર સંહિતા મુજબ તથા અપાયેલ વિવિધ સૂચનાઓ અનુસાર નિયમન કરવું જરૂરી હોઈ હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય

નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લાની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોનાં મતદાર વિસ્તારમાં ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર, કટઆઉટ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલિક અમલમાં લાવવા જરૂરી હોઈ નીચે મુજબનાં નિયમોનું પાલન કરવા હું હુકમ કરૂં છું.

૧. અ. ''કોઈપણ ઉમેદવાર/સંસ્થા/રાજકીય પક્ષ અથવા વ્યકિત દ્વારા કટઆઉટ, હોર્ડીંગ્ઝ, તોરણો, ધ્વજ, પતાકા વગેરે કોઈપણ સરકારી મિલ્કત/જાહેર ઈમારત પર મુકી કે પ્રદર્શિત કરી શકાશે નહીં.''

બ. જે જાહેર સ્થળોને જાહેરાત, બીલ બોર્ડ અને હોર્ડીંગ્સ પ્રદર્શિત કરવા માટે નક્કી કરવામાં આવેલ હોય અને તે સ્થળો કોઈ ખાનગી એજન્સીને વ્યકિતગત ગ્રહકોને ફાળવવા માટે આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને ચૂંટણીને લગતી જાહેરાતો પ્રર્શિત કરવા માટે સમાન તક મળી રહે તે સંબંધીત ચૂંટણી અધિકારીશ્રીએ સંબંધીત સત્તાધિકારીશ્રી મારફતે (જો હોય તો) સુનિશ્ચિત કરવાનું રહેશે.

૨. ખાનગી સ્થળો

અ. સ્થાનિક કાયદાઓ જ્યાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દિવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, પાટીયા, ઝંડા વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં ચૂંટણી લડતા ઉમેદવારોએ અથવા સંબંધીત રાજકીય પક્ષોએ મિલ્કતના માલિક પાસેથી લેખિત પરવાનગી તેમજ સંબંધીત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. મેળવેલ લેખિત પૂર્વ પરવાનગી તથા પૂર્વ મંજુરીની નકલ તથા મિલ્કત ધારકના નામ, સરનામા અને થનાર ખર્ચ અંગેની વિગતો લેખિતમાં દિન-૩માં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને પુરી પાડવાની રહેશે અન્યથા આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કરી શકાશે નહી.

(અ)(અ) સ્થાનિક કાયદાઓ પણ જો ખાનગી માલિકીની જગ્યામાં દિવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, પાટીયા વગેરે લગાડવાની પરવાનગી ન આપતા હોય તો માલિકની પારવાનગીથી પણ આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કરી શકાશે નહી.

(અ)(બ) કોઈપણ ઉમેદવાર, અન્ય સંગઠનો, વ્યકિતઓ, કાર્યકરો, ટેકેદારો, રાજકીય પક્ષો દ્વારા ખાનગી મિલ્કતના માલિક અથવા કબજો ધરાવનારની લેખિત સ્વૈચ્છિક પૂર્વ પરવાનગી મેળવી અલ્પકાલિન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સામગ્રી પૈકી ધ્વજ, ઝંડો અને બેનર્સ મૂકી શકશે. કટ આઉટ અને હોર્ડીંગ્ઝ ખાનગી મિલ્કત પર પ્રદર્શિત કરી શકાશે નહી. આ સંબંધે મિલ્કતના માલિક અથવા કબજો ધરાવનારની લેખિતમાં મેળવેલ સ્વૈચ્છિક પૂર્વ પરવાનગીની ફોટો કોપી ત્રણ દિવસની અંદર ચૂંટણી અધિકારીને રજુ કરવાની રહેશે.

બ. હોર્ડીંગ્ઝની સાઈઝ ૧૫ ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

ક. કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધતી જોઈએ નહીં.

ડ. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ નોડલ ઓફીસરશ્રી, સબંધીત ચૂંટણી અધિકારીશ્રીને તેમજ સંબંધિત પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

ઈ. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્ઝ/કટઆઉટ વગેરે મુકેલ હોય તદાનુસાર ઉમેદવારનાં ચૂંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ૧૭૬ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/ઉમેદવાર નિયમ/૦૫/ ૨૦૨૫.- આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ સંદર્ભે સંબંધિત વિસ્તારના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીના ૧૦૦ મીટરની ત્રિજ્યાના આસપાસના વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધ ફરમાવું છું.

- ઉમેદવારી પત્રો રજુ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રત્યેક ઉમેદવાર દીઠ વધુમાં વધુ ત્રણ વાહનો આવવા દેવાની અને ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવાર સહિત કુલ ૫ (પાંચ) વ્યકિતઓ જ દાખલ થઈ શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત કે કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યતિક દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે

ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીશની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/સરકારી ગેસ્ટહાઉસ/૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ તરફથી ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી ઉમેદવાર, રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો સરકારી ગેસ્ટ હાઉસ, ભવનો, સદનો, સરકીટ હાઉસ, ડાક બંગલો, રેસ્ટ હાઉસ કે કોઈ પણ ગવર્નમેન્ટ એકોમોડેશન કે કેન્દ્ર કે રાજ્ય સરકારના પબ્લીક સેકટર અન્ડરટેકીંગના કોઈ પણ પ્રકારના એકોમોડેશનનો ચૂંટણી પ્રચાર, સભા યોજવા, પ્રેસ કોન્ફરન્સ યોજવા માટે ઉપયોગ ન કરે તે માટે તા. ૧૭-૧૧-૨૦૨૧ ના પત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓ મુજબ આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ દરમ્યાન ચૂંટણી ઉમેદવાર, રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો દ્વારા ઉપરોકત તમામ એકોમોડેશનોના ઉપયોગ સંબંધે નીચે મુજબ હુકમો કરવા જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂં છું.

૧. કોઈપણ ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો સરકારી ગેસ્ટહાઉસ, ભવનો, સદનો, સરકીટ હાઉસ, ડાક બંગલો, રેસ્ટ હાઉસ કે કોઈ પણ ગવર્નમેન્ટ એકોમોડેશન કે કેન્દ્ર કે રાજ્ય સરકારના પબ્લીક સેક્ટર અન્ડરટેકીંગના કોઈ પણ પ્રકારના એકોમોડેશનનો ચૂંટણી પ્રચાર, સભા યોજવા, પ્રેસ કોન્ફરન્સ યોજવા માટે ઉપયોગ કરી શકશે નહી.

૨. કોઈપણ એકોમોડેશન ફકત રહેવા અને જમવા માટે જ ફાળવી શકાશે. તે સિવાય આ એકોમોડેશનો કે તેના પ્રિમાઈસીસનો કોઈ ઉપયોગ થઈ શકશે નહી.

૩. આ એકોમોડેશનોમાં ઉમેદવાર/કાર્યકરો/સમર્થકો/રાજકીય પક્ષોના સભ્યો સામાન્ય બેઠકો પણ યોજી શકશે નહી.

૪. જે વ્યકિતને એકોમોડેશન ફાળવવામાં આવેલ હોય તેનું જ એક વાહન (એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધુ નહી) જે તે એકોમોડેશનના કમ્પાઉન્ડમાં રાખી શકાશે.

૫. એકોમોડેશન ફકત ૪૮ કલાક માટે જ આપી શકાશે.

૬. જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની (Z-સ્કેલ) અથવા તેનાથી વધુ કે તેને સમાન સિક્યોરીટી આપવામાં આવેલ હોય તેવા વ્યકિતઓને પ્રવર્તમાન જોગવાઈઓને આધારે એકોમોડેશન આપી શકાશે. પરંતુ આ એકોમોડેશન, જો પહેલાથી ચૂંટણી સંબંધિત અધિકારીઓ કે ઓબ્ઝર્વરોને ફાળવવામાં આવેલ હશે તો તે પોલિટીકલ ફંકશનરીને ફાળવી શકાશે નહી.

આ જાહેરનામું સમગ્ર કચ્છ જિલ્લામાં લાગુ પડશે. આ જાહેરનામું ચૂંટણી ઉમેદવાર/રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરોને લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીશની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/લાઉડસ્પીકર/૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન ઉમેદવારો/કાર્યકરો/રાજકીય પક્ષ ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટાપાયે કરતા હોય છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપરાંત ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષી, વાન, ત્રણ પૈડા વાળા વાહનો, સ્કૂટરો, રિક્ષા, બળદગાડી, ઉંટગાડા, વગેરે વાહનો ઉપર ગોઠવીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના વાહનો તમામ માર્ગો, શેરીઓ, ગલીઓમાં ફરતા હોય છે. જેને કારણે ખૂબ જ ધ્વનિ પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા

દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમની કલમ-૩૩(૧) તળે મને મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લાની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોનાં મતદાર વિસ્તારમાં જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા બાબતે નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમ કરૂં છું.

(૧) કોઈપણ ઉમેદવારો/કાર્યકરો/સમર્થકો/રાજકીય પક્ષોએ નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.

(૨) લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા પહેલા સક્ષમ અધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

(૩) રાત્રિના ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૦૮-૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

(૪) ફરતા વાહન પર લાઉડ સ્પીકર વગાડવા માટે વાહનની મંજુરી સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવી અને લાઉડ સ્પીકર વગાડવા માટે પણ સક્ષમ અધિકારીની મંજુરી મેળવી તેનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેરનામું નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી ફરજ પરના વાહનોનો

(૨) ચુંટણી અધિકારી અથવા સક્ષમ અધિકારી પાસેથી તે અર્થે પરવાનગી મેળવેલ વાહનોને.

આ જાહેરનામાનો અમલ તા. ૧૪-૦૬-૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

કોઈ ઉમેદવાર/કાર્યકર/રાજકીય પત્ર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ૧૭૬ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીશની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધિ કરાવવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળનું જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત/ચૂંટણી/૩૭(૩)/સભા-સરઘસ/૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટેની તારીખો રાજ્ય ચૂંટણી આયોગના તા. ૨૮-૦૫-૨૦૨૫ વાળા પત્રથી જાહેર થયેલ છે અને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. જે સંદર્ભે ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારો, પક્ષના કાર્યકરો દ્વારા સભા, સરઘસ, રેલી વગેરેનું આયોજન થશે. આ સભા, સરઘસ વ્યવસ્થિત રીતે યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જાળવવા તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુસર નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં જેમાં હવે પછી સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે તે વિસ્તારોમાં પરવાનગી લીધા સિવાય તેમાં કોઈ વ્યકિતઓની મંડળી અને સભા/સરઘસ ન યોજાય તે માટે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં રાત્રીના ૧૦-૦૦ વાગ્યા પછી કોઈ વ્યકિતઓની મંડળી અને સભા/સરઘસ ન યોજાય તે માટે હુકમ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ (૩૭)ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૪-૦૬-૨૦૨૫ સુધી નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી, સભા અને સરઘસ, પરવાનગી સિવાય ભરવા માટે મનાઈ ફરમાવું છું તેમજ રાત્રીના ૧૦-૦૦ વાગ્યા થી સવારના ૦૮-૦૦ વાગ્યા સુધી મંડળી, સભા અને સરઘસની પરવાનગી નહીં આપવા ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતઓ, સંસ્થાને

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને

(૩) કોઈ લગ્ન પ્રસંગના વરઘોડાને

(૪) કોઈ સ્મશાનયાત્રાને

અનુસૂચિ : કચ્છ જિલ્લાની ચૂંટણી હેઠળની તમામ ગ્રામ પંચાયતોનો મતદાર વિસ્તાર

આ હુકમના કોઈ પણ ભાગનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનો ભંગ બદલ ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરવાના, અને તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલિસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. મેજી/પોલ-૧/ગ્રામ પંચાયત ચૂંટણી/મતગણતરી કેન્દ્ર/૦૫/૨૦૨૫.-આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા. ૨૮-૦૫-૨૦૨૫ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. કચ્છ જિલ્લામાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા. ૨૮-૦૫-૨૦૨૫ થી તા. ૨૬-૦૬-૨૦૨૫ સુધી ચાલશે. આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીની કામગીરી દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ચૂંટણી આયોગ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી હું, આનંદ પટેલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ

આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ની મતગણતરી નિયત થયેલ અલગ અલગ કેન્દ્રો ખાતે કરવામાં આવશે, આ મતગણતરી મથકોની આસપાસ તા. ૨૫-૦૬-૨૦૨૫ના મત ગણતરી દિને સવારના ૦૪-૦૦ કલાક થી મતગણતરી પૂર્ણ થયાના બે કલાક સુધી આદર્શ આચાર સંહિતા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે નીચે મુજબ હુકમ કરૂં છું.

૧. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર થી વધુ વ્યકિતઓ એકઠા થઈ શકશે નહી.

૨. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સભા ભરી શકાશે નહી કે સંબોધી શકાશે નહી.

૩. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, વાયરલેસ સેટ, કોર્ડલેસ ફોન, કે સંદેશા વ્યવહારના કોઈ સાધનો કે અન્ય કોઈ ઈલેકટ્રોનીક ઉપકરણો લઈ જઈ શકશે નહી.

૪. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત વાહન લઈ જઈ શકશે નહી.

૫. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત બાકસ, લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

આ જાહેરનામું નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. ચૂંટણી આયોગ દ્વારા નિયુક્ત ઓબ્ઝર્વરશ્રીઓ.

૨. ચૂંટણી ફરજ પરના સરકારી કર્મચારી/અધિકારીઓ તથા ચૂંટણી ફરજ પરના વાહનો.

૩. ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અથવા પોલિસ અધિક્ષકશ્રી અધિકૃત કરે તેવા વ્યતિઓ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત કે કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામા પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૩૧ માહે મે, ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

સને-૧૯૫૧ ની ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ ૩૩-૧-યુ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામા/ફટાકડા/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/ફટાકડા/જાહેરનામુ/૨૩૨૩/૨૦૨૫, તા. ૦૯-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, તાજેતરમાં પહેલગામ, કાશ્મીર ખાતે થયેલ આંતકવાદી હુમલા અનુસંધાને ભારતીય આર્મ્ડ ફોર્સ દ્વારા ''ઓપરેશન સિંદુર'' હાથ ધરેલ છે. જે અન્વયે હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને કોઈપણ કૃત્યથી આમ જનતાના મનમાં કોઈ ભય કે શંકા ઉત્પન્ન થાય તે હિતાવહ નથી. ફટાકડા ફોડવાથી જયારે મોટો અવાજ થતો હોય ત્યારે લોકોના મનમાં ભય અને શંકા ઉત્પન્ન થાય છે. જેથી આવા કૃત્ય ઉપર પ્રતિબંધ મુકવો ઉચીત હોય, તેમ જણાવી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જોરથી અવાજ કરે તેવા તમામ પ્રકારના ફટાકડા ફોડવા ઉપર તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધી ગુ. પો. એકટ ક. ૩૩(૧)(યુ) મુજબ આ બાબતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉપરોક્ત થઈ આવેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ આગામી તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જોરથી અવાજ કરે તેવા તમામ પ્રકારના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આ જાહેરનામુ આજરોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૯ માહે મે, સને-૨૦૨૫.

ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ના કાયદાની કલમ-૧૪૨ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/જાહેરનામુ/વિ.સ.પે.ચૂં./૧૬/૨૦૨૫.-ભારતના ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધનસભા પેટા ચૂંટણી-૨૦૨૫ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે અનુસાર જુનાગઢ જિલ્લામાં ૮૭-વિસાવદર વિધાનસભા બેઠકની ચૂંટણી યોજાનાર છે.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહિવટ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા. ૨૮-૦૫-૨૦૨૫ ના પત્ર ક્ર. ઈએલસી/૧૦૨૦૨૩/૨૨૩/છ(L&O) થી આ ચૂંટણીઓ અનુસંધાને મતદાન પૂરૂં થતા સુધીનો ૪૮ કલાકનો સમય તથા મતગણતરીનો દિવસ (આખો દિવસ) એટલે કે તા. ૨૩-૦૬-૨૦૨૫ ના રોજ દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થોના વેંચાણ પર પ્રતિબંધ મૂકવા સૂચનાઓ થઈ આવેલ છે તેમજ જે અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/ડ્રાય ડે/જાહેરનામુ/૨૮૧૪/૨૦૨૫, તા. ૦૨-૦૬-૨૦૨૫ થી ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ના કાયદાની કલમ-૧૪૨ મુજબ સૂચિત દિવસોને 'ડ્રાય ડે' જાહેર કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ મુકત અને ન્યાયી વાતાવરણમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાય અને કોઈપણ

વ્યકિત ચૂંટણી દરમ્યાન દારૂ પી, દંગા ફસાદ કરી લોકોમાં ભયનું વાતાવરણ પેદા ન કરે તે માટે ચૂંટણી દરમ્યાન દારૂ તેમજ અન્ય પ્રતિબંધીત પીણાનો ઉપયોગ ન થાય તે માટે ઉકત વિગતે થઈ આવેલ સુચનાનુસાર જરૂરી પ્રતિબંધક પગલા લેવાની જરૂર જણાય છે.

આથી હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ના કાયદાની કલમ-૧૪૨ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણી દરમ્યાન દારૂના લાઈસન્સ હોલ્ડર સહિત કોઈ પણ વ્યકિતએ પરપ્રાંતીય દારૂ કે દેશી દારૂનું કે અન્ય કોઈ પ્રતિબંધીત પીણાનું વેચાણ કે વિતરણ કરવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૬૫, ૬૬ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ ૮૭-વિસાવદર વિધાનસભા મત વિસ્તારમાં તા. ૧૭-૦૬-૨૦૨૫ નાં રોજ સાંજનાં ૦૬-૦૦ કલાકથી તા. ૧૯-૦૬-૨૦૨૫ નાં રોજ સાંજના ૦૬-૦૦ કલાક સુધી (પુનઃ મતદાન થાય તો તે દિવસે મતદાન પુર્ણ થતાં સુધી) તેમજ મતગણતરીના દિવસ તા. ૨૩-૦૬-૨૦૨૫ (આખો દિવસ) અમલમાં રહેશે.

જૂનાગઢ, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/ડ્રોન/૨૩૨૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/ડ્રોન/જાહેરનામુ/૨૩૨૨/ ૨૦૨૫, તા. ૦૯-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, તાજેતરમાં પહેલગામ, કાશ્મીર ખાતે થયેલ આંતકવાદી હુમલા અનુસંધાને ભારતીય આર્મ્ડ ફોર્સ દ્વારા ''ઓપરેશન સિંદુર'' હાથ ધરેલ છે. જે અન્વયે હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરીક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીની જાળવણી સારૂં Drone Rules, 2021 Part-V, Operation of Unmanned Aircraft System, Section-24 મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં Remote Sensing, Mining, Law & Order, Internal Security, Defence સિવાયના અન્ય કોઈ પણ હેતુ માટે કોઈ સરકારી કે ખાનગી સંસ્થા/વ્યકિત દ્વારા કોઈપણ પ્રકારના UAV/Drone તથા રિમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરતા એરીયલ મીસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટ ચલાવવા બાબતે તા. ૧૦-૦૫-૨૦૨૫ થી તા. ૧૩-૦૫-૨૦૨૫ એમ કુલ-૦૪ દિવસ (૯૬ કલાક) સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા બાબત દરખાસ્ત થઈ આવેલ છે. જે થઈ આવેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં Remote Sensing, Mining, Law & Order, Internal Security, Defence સિવાયના અન્ય કોઈ પણ હેતુ માટે કોઈ સરકારી કે ખાનગી સંસ્થા/વ્યકિત દ્વારા કોઈપણ પ્રકારનાર UAV/Drone તથા રિમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરતા એરીયલ મીસાઈલ કે પેરાગ્લાઈડર રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામુ તા. ૧૦-૦૫-૨૦૨૫ થી તા. ૧૩-૦૫-૨૦૨૫ એમ કુલ-૦૪ દિવસ (૯૬ કલાક) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સારૂ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતેએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત BNS-2023ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ આજરોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૯ માહે મે, સને-૨૦૨૫.

વિષય : ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫. ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર જમા લેવા બાબત.

વંચાણે લીધા : શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી)

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૯/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

ઉકત ચૂંટણીઓ મુકત, ન્યાયિક અને શાંતીપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા સંપુર્ણપણે જળવાય રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જાહેર સલામતી જોખમાય નહિ તેવા હેતુસર જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજાનાર છે, તે ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તમામ સ્વરક્ષણ તથા પાકરક્ષણના પરવાના ધારકોના હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુરી થતા સુધી પોલીસ સ્ટેશનમાં જમાં લેવા જરૂરી જણાય છે.

સબબ, આ ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર જિલ્લામાં આવેલ તમામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો સંબંધકર્તા પરવાનેદાર પાસેથી મેળવી જમા લેવા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી) ની જોગવાઈ હેઠળ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો શસ્ત્ર અધિનિયમ તથા શસ્ત્ર નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સંબંધીત પોલીસ સ્ટેશનમાં સલામત અને સુરક્ષિત રીતે રાખવાના રહેશે, જમા લીધેલ હથિયારની પહોંચ આપવાની રહેશે. તથા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંબંધીત પરવાનેદારને તેનું હથિયાર પરત સોંપવાનું રહેશે.

આ હુકમ બેંક કે અન્ય સંસ્થાઓ કે જયાં સીકયોરીટીના પ્રશ્ન હોય તેવા પરવાનેદારને લાગુ પડશે નહીં.

પોલીસ અધિક્ષકશ્રી જૂનાગઢએ આ હુકમની અમલવારી કરાવી હથિયારો જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝ સંકલીત અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૮/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ઉમેદવારો-ટેકેદારો દ્વારા ચોપાનીયા, ભીંતપત્રો વગેરે દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારના સાહિત્યના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને, આચાર સંહિતાનું પાલન થાય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરે ના મુદ્રણ અને પ્રકાશન બાબતે નિયમન કરવું જરૂરી જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સતાની રૂએ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરે ના મુદ્રણ અને પ્રકાશન માટે નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના સ્પષ્ટ દેખાય આવે તે રીતે નામ-સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શખશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકાશે નહીં સિવાય કે :

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રક ને આપી હોય અને,

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસની અંદર છાપકામ કરેલ લખાણની ચાર નકલો, પ્રકાશકના એકરારની એક નકલ તથા મુદ્રકે છાપકામ કરેલ દસ્તાવેજની નકલોની સંખ્યા અને મુદ્રક કામ અંગે થયેલ ખર્ચની વિગતો નમુના-ખ ની એક નકલ નીચે જણાવેલ વિગતે મોકલી હોય

(૧) રાજ્યના પાટનગરમાં છાપવામાં અવ્યું હોય ત્યારે રાજ્ય ચૂંટણી આયોગ અને

(૨) બીજે પ્રસંગે જે જિલ્લામાં છાપવામાં આવ્યું હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને

(૩) આ હેતુ પુરતુ :-

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રકિયા મુદ્રણ ગણાશે અને 'મુદ્રક' એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે, અને

(ખ) ''ચૂંટણીને લગતુ ચોપાનીયું અથવા ભીંતપત્ર'' એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથની ચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકૂળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કોઈ છાપેલું ચોપાનીયું, હેન્ડબીલ, સુત્રપાટિયું અથવા બીજુ-ત્રીજુ લખાણ અથવા ચૂંટણીને લગતુ ભીંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ માત્ર ચૂંટણી સભાની તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ સુત્ર પાટિયાં કે ભીંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

આ હુકમનો ભંગ કર્યેથી BNS-2023ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે છ માસની કેદ અથવા રૂા. ૨,૫૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકશે. આ ઉપરાંત ચૂંટણી આચાર સંહિતાના ભંગ બદલની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમના ભંગ બદલ ગુન્હો માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના અધિકારશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૭/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ મતગણતરીના દિવસોએ મત ગણતરીના સ્થળે ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શકયતાઓ રહેલી છે. ચૂંટણીના પરિણામોના કારણે પણ તેના પ્રત્યાઘાતો પડે તેવી સંભાવના રહેલી છે. આ કારણે મત ગણતરીના સ્થળે તંગદીલી ભર્યુ વાતાવરણ ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમૂક કૃત્યો પર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત ચૂંટણીની મત ગણતરી જ્યાં થનાર છે તે સ્થળો ખાતે, મત ગણતરીના સ્થળની ૨૦૦ મીટરની ત્રિજયામાં મત ગણતરીના દિવસે એટલે કે તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ ૦૦-૦૦ કલાકથી મત ગણતરીની કામગીરી પૂર્ણ થતાં સુધીના સમય માટે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા થવું નહી.

(૨) જાહેર સુલેહશાંતી જોખમાય તેવા સૂત્રો પોકારવા નહીં

(૩) જાહેર સુલેહશાંતી જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) કોઈપણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને ફરવું નહી.

(૫) કોઈ વ્યકિતએ કોઈ પણ જાતના વિસ્ફોટક પદાર્થો અગર આગ લાગે તેવો કોઈ પદાર્થ સાથે રાખવો નહી.

(૬) કોઈ વ્યકિતએ કોડ લેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ સાથે પ્રવેશવું નહી.

(૭) મત ગણતરી ખંડની અંદર અધિકૃત અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરી ઓળખપત્ર આપેલ છે તે સિવાયની કોઈ પણ વ્યકિતએ પ્રવેશવું નહી.

ચૂંટણી કામગીરીની ફરજ ઉપર હોય અને ચૂંટણી પંચના તત્કાલીન આદેશાનુસાર અધિકૃત કરાયેલ હોય તેવા અધિકારી/કર્મચારીને આ હુકમ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS-2023ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમના ભંગ બદલ ગુન્હો માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના અધિકારશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૬/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણીઓ દરમ્યાન મતદાનની પ્રક્રિયા કોઈ પણ જાતની ખલેલ વિના શાંત વાતાવરણમાં યોજાય તેમજ બહારના તોફાની તત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ પહોંચાડે નહીં તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ મતદાન દરમ્યાન આચરે નહીં તે માટે તેમજ મતદાન દરમ્યાન આક્ષેપ-પ્રતિ આક્ષેપ દ્વારા જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સંજોગો ઉપસ્થિત ન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે નીચે જણાવ્યા મુજબના પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજનાર છે, તે ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોનાં મતવિસ્તારમાં ચૂંટણી પ્રચાર પુરો થયા બાદથી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(અ) ચૂંટણી પ્રચાર પુરો થયા બાદ :

(૧) કોઈ પણ વ્યકિત મતદાન વિસ્તારમાં સદરહું ચૂંટણી માટે મતદાન બંધ કરવા માટે નકકી કરેલ સમયે પુરા અડતાલીસ કલાકની મુદત દરમિયાન તે મતદાન વિસ્તારમાં કોઈ જાહેર સભા બોલાવી શકાશે નહિ, ભરી શકશે નહિ અથવા તેમાં હાજર રહી શકશે નહિ.

(૨) મતદારના વ્યકિતગત સંપર્ક દરમિયાન કોઈને ઉતારી પાડતાં, ચારિત્ર્ય ખંડન કરતા કોઈ વાણી પ્રયોગ કરી શકશે નહી.

(૩) ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થયા પછી જે તે મતદારક્ષેત્રનાં મતદાર,ઉમેદવાર,ચૂંટણીએજન્ટસિવાયનારાજકીયકાર્યકર્તાઓએ તે મતદાર ક્ષેત્રમાં રહેવું નહીં.

(૪) મતદાર વિભાગની હદમાં, મતદાર વિભાગની બહારથી આવતાં વાહનોની સંબંધિત પોલીસ મથકે નોંધ કરાવવાની રહેશે.

(૫) કોઈ પણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા, સદરહું મતદાર ક્ષેત્રમાં સરકારી વિશ્રામ ગૃહ/અતિથિ ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં કે આ સમયગાળા દરમ્યાન કોઈ મહાનુભાવ તેમાં રહી શકશે નહિ.

(બ) મતદાનના દિવસે :

(૧) મતદાન મથકથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓએ એકી સાથે ભેગું/એકઠું થવું નહિ કે તેવી વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહિ કે બોલાવવી નહિ.

અપવાદ : ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ/અધિકારીઓ કે લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રાને કે મતદાન માટે લાઈનમાં ઉભેલા મતદારોને આ પ્રતિબંધ લાગુ પડશે નહિ.

(૨) મતદારો, ઉમેદવારો અને તેના ચૂંટણી/મતદાન એજન્ટ સિવાય, રાજ્ય ચૂંટણી પંચનો અથવા જિલ્લા ચૂંટણી અધિકારીનો ખાસ માન્ય અધિકૃત પત્ર ધરાવતી વ્યકિતઓ જ મતદાન મથકમાં પ્રવેશ કરી શકશે. તે સિવાયના કોઈ પણ વ્યકિત મતદાન મથકમાં પ્રવેશી શકશે નહિ.

(૩) સદરહું ચૂંટણીમાં હરીફ ઉમેદવારો, તેઓના કાર્યકરો દ્વારા મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈ પણ મંડપ કે કેમ્પ ઉભા કરી શકશે નહિં.

- આવા મંડપ મતદાન મથકની ૨૦૦ મીટરના અંતરથી બહારના વિસ્તારમાં એક જ મંડપ બાંધી શકશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે. પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહિ.
- આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તામંડળની લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને જાણ કરવી જોઈશે.
- મતદારોને કોઈ સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિન્હ, પ્રતિક લખેલુ હોવુ જોઈશે નહિ.
- મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર કરી શકશે નહિ કે થવા દેશે નહિ.
- મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. મતદાર કોઈ પણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈ પણ પ્રકારે કોઈ પણ દ્વારા તેને અટકાવી શકાશે નહિ. મંડપમાંના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહ કરી શકશે.
- કાયદો-વ્યવસ્થા જાળવવામાં હરકત થશે તો મંડપ દુર કરવાની કાર્યવાહી સક્ષમ સતાધારી કરી શકશે.

(૪) મતદાન મથકની ૨૦૦ મીટરા આંતર સુધીના વિસ્તારમાં ચૂંટણી પ્રચારનું કોી પણ સાહિત્ય, બેનર, પોસ્ટર કટ આઉટ વિગેરે રાખી શકશે નહી.

(૫) મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનો ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં.

(૬) કોઈ પણ વ્યકિતએ મતદાન માટે નિયત કરેલ સમય દરમ્યાન મતદાન મથકે ગેરવર્તણુંક કરવી નહિં. તેમજ મતદાન મથકના પ્રમુખ અધિકારીએ આપેલ કાયદેસર સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૭) મતદાનના દિવસે સલામતી અંગે ધમકી મળી હોય અને ત્યાંથી સતાવાર સુરક્ષા પુરી પાડવામાં આવી હોય તેવી વ્યકિતએ તેના સુરક્ષા કર્મચારી સહિત મતદાન મથકની હદની આસપાસના વિસ્તારમાં (૧૦૦ મીટરની અંદર) પ્રવેશવું નહિ. વધુમાં મતદાનના દિવસે આવી કોઈ વ્યકિતએ તેના સલામતી કર્મચારી વર્ગ સાથે મતદાન મથકની આસપાસ ફરવું નહિ. જેને સતાવાર સલામતી પુરી પાડવામાં આવી હોય તે વ્યકિત મતદાર હોય તો પણ તે અથવા તેણીએ સુરક્ષા કર્મચારી સાથેની તેની અવર-જવર મતદાન કરવા પુરતી જ મર્યાદિત રાખવી. સુરક્ષા અંગે ધમકી મળી હોવાના કારણે જેને સતાવાર સુરક્ષા મળી હોય અથવા પોતાના માટે જેણે ખાનગી સલામતી સુરક્ષા રાખ્યા હોય તેવી વ્યકિતની ચૂંટણી એજન્ટ અથવા મતદાન એજન્ટ અથવા મતગણતરી એજન્ટ તરીકે નિયુકિત કરવી નહિ.

(૮) ઉમેદવારો કે તેના ચૂંટણી એજન્ટે અથવા ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સમંતિથી બીજી કોઈ વ્યકિતએ મતદાન મથક સુધી અથવા મતદાન મથકથી અથવા મતદાન માટે નિયત કરેલ સ્થળ સુધી કે સ્થળથી કોઈ પણ મતદારને મફત પરત લાવવા લઈ જવા માટે કોઈ વાહન કે બીજા કોઈ સાધનોનો ઉપયોગ કરવો નહીં કે એવુ કોઈ વાહન કે બીજુ કોઈ સાધન પૈસા આપીને અથવા બીજી રીતે ભાડે રાખવુ કે મેળવવુ નહીં.

(૯) કોઈ પણ મતદાન મથકે મતદાનના દિવસે કોઈ પણ વ્યકિતએ મતદાન માટે મતદાન મથકે આવતી કોઈ વ્યકિતને ત્રાસ થાય કે મતદાન મથક પર ફરજ બજાવતાં અધિકારીઓ અને બીજી વ્યકિતઓના કામમાં દખલ થાય એવું નીચેનું કાંઈ કરવુ નહીં.

(ક) મતદાન મથકમાં અથવા તેના દરવાજે અથવા તેની નજીકના ખાનગી કે જાહેર સ્થળે માનવ ધ્વનિને વધારતું કે તેનો પડઘો પાડતું યંત્ર કે લાઉડ સ્પીકર વાપરવું નહી કે તેવું સંચાલન કરવું નહીં, અથવા

(ખ) મતદાન મથકમાં અથવા તેના દરવાજે અથવા તેની નજીકનાં જાહેર કે ખાનગી સ્થળે બુમો પાડીને કે બીજી રીતે ધાંધલ કરવી નહીં.

(૧૦) મતદાન સમય દરમ્યાન મતદાન એજન્ટો મતદારયાદી મતદાન મથકની બહાર લઈ જઈ શકશે નહીં.

(૧૧) મતદાનના દિવસે નીચે મુજબના કૃત્યો કરવા ફરમાવું છું.

(૧) મતદાન મથકમાં પ્રવેશવા માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. પરંતુ સ્ત્રી મતદારો માટે અલગ અલગ લાઈનની વ્યવસ્થા હોય તો તેઓએ અલગ લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારા ફરતી ક્રમમાં પ્રવેશવાનું રહેશે.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુર્તજ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS-2023ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમના ભંગ બદલ ગુન્હો માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના અધિકારશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૫/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણીઓ સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે ચૂંટણી પંચ તરફથી મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને મતગણતરીનાં દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશનાં નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. તેમજ સુચનાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી જપ્ત કરાયેલ સાધન ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને પરત સોંપવામાં આવશે, તેવી સુચના થયેલ છે.

ઉપરોકત વિગતે ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં મતદાન દિવસ તા. ૨૨-૦૬-૨૦૨૫ (પુનઃ મતદાન થાય તો તે દિવસ સહિત) ચૂંટણી હેઠળના મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરના વિસ્તારમાં અને મતગણતરીનાં દિવસે એટલે કે તા. ૨૫-૦૬-૨૦૨૫ નાં રોજ મતગણતરી સેન્ટર પર એન તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સીકયુરીટી ફોર્સના વિસ્તારમાં મતદાન તેમજ મતગણતરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ અને અધિકૃત પ્રવેશપત્ર ધરાવતા પત્રકારો સિવાયનાં કોઈપણ વ્યકિત સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈ જવાનો તથા તેનો ઉપયોગ કરવા અંગે હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હેઠળ મને મળેલ અધિકારની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યકિતને તેનું જપ્ત કરેલ સાધન

પરત સોંપવામાં આવશે ઉપરાંત, BNS-2023ની કલમ-૨૨૩ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબિત થયેથી છ માસની સાદી કેદ અગર રૂા. ૨,૫૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમના ભંગ બદલ ગુન્હો માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૪/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે અને ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર મિલ્કતને નુકશાન પહોંચાડીને બગાડ કરતો અટકાવવા માટે ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વગેરેના ઉપયોગ નિયંત્રીત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ધી પ્રીવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ હેઠળ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા વિગેરે માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ જાહેર મિલ્કત/જાહેર જગ્યા પર દીવાલ પર લખાણ કરવા, પોસ્ટર્સ/કાગળો ચોંટાડવા અથવા કોઈપણ રીતે નુકશાન કરવા અથવા લખાણો, જાહેરાતના પાટીયા, ઝંડા વગેરે લગાડવા/પ્રદર્શિત કરવા દેવામાં આવશે નહીં.

(૨) આમ છતાં, જો સ્થાનિક કાયદાઓ, ચુકવણી કરીને કે અન્ય રીતે આવા હેતુઓ માટે ખાસ કરીને મુકરર કરવામાં આવેલા જાહેર સ્થળે જાહેર ખબરનાં સૂત્રો લખવાની, પોસ્ટર્સ, વગેરે પ્રદર્શિત કરવાની કે લખાણો, પાટીયા, ઝંડા વગેરે લગાડવાની રજા કે છૂટ આપતા હોય તો, કાયદાની પ્રસ્તુત જોગવાઈઓ પ્રમાણે અને કોર્ટના આદેશોને ચુસ્તપણે આધીન રહીને એમ કરવા દેવાની રજા આપવી. એ બાબત સુનિશ્ચિત કરવી કે આવી કોઈ જગ્યા પર કોઈ અમુક ઉમેદવાર/ઉમેદવારોનું વર્ચસ્વ/ઈજારો ન હોય તથા તમામ ઉમેદવારોને આ બાબતમાં સમાન તક આપવી.

(૩) વધુમાં, ચૂંટણી દરમિયાન આ હેતુ માટે આપવામાં આવેલી કોઈપણ જગ્યાનો વિસ્તાર વધારવો કે ઘટાડવો નહીં.

જાહેર મિલકતનો અર્થ ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૨(બી) મુજબનો રહેશે અને બગાડનો અર્થ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૩૨૪(૧) મુજબનો રહેશે.

કોઈ ઉમેદવાર તથા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત, પાટીયા અથવા બેનર્સ વિગેરે પ્રદર્શિત કરવામાં આવશે તો તે ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એક્ટ-૧૯૮૪ની કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મત વિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૩/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

વાસ્તે હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવુ નહી. ઉપરાંત કોઈ પણ ઈસમે શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી, અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ પણ ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને.

(૩) રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

આ હુકમનો ભંગ કર્યેથી BNS-2023ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબિત થયે છ માસની સાદી કેદ અગર રૂા. ૨,૫૦૦/- સુધીનો દંડ અથવા બન્નેની સજા થઈ શકશે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (ઘ ક) તથા (ઘ ખ) હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૨/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ઉમેદવારો તથા તેના ટેકેદારો દ્વારા પોસ્ટર, બેનર્સ, હોર્ડિંગ્સ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવતો હોય છે. આ ચૂંટણી પ્રચારમાં ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય, ચૂંટણી મુક્ત, ન્યાયી તથા પારદર્શક રહે તે માટે ખાનગી મિલ્કત/સ્થળ/જગ્યા વગેરે પર ચૂંટણી પ્રચારના બોર્ડ/બેનર્સ વગેરેના ઉપયોગ નિયંત્રિત કરવા જરૂરી જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમ-૩૩ની પેટા કલમ-૧ (ઘ ક) તથા (ઘ ખ) હેઠલ મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત ચૂંટણી દરમ્યાન ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારોમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી ખાનગી મિલ્કત/સ્થળ જમીન પર ચૂંટણી પ્રચારના બોર્ડ, બેનર્સ, કમાન, તોરણ પોસ્ટર્સ વગેરે મુકવા માટે નીચેની બાબતોનો અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) જો સ્થાનિક કાયદાઓ ખાનગી જગ્યાઓ પર દીવાલ લખાણ કરવા, પોસ્ટરો ચોંટાડવા, પાટિયા/ઝંડા/લખાણો વિ. લગાડવાની મંજુરી આપતા ન હોય તો ખાનગી મિલ્કતના માલિકની મંજુરી મળી હોય તો પણ ખાનગી જગ્યા પર, દીવાલ પર લખાણ કરી શકાશે નહીં, પોસ્ટરો ચોંટાડી શકાશે નહી, પાટિયા, ઝંડા, લખાણો લગાડી શકાશે નહી.

(૨) કોઈપણ સ્થાનિક કાયદા હેઠળના કોઈપણ પ્રતિબંધને આધિન રહીને, ઉમેદવારો, તેમના એજન્ટો, કાર્યકર્તાઓ અને ટેકદારો અન્ય કોઈ વ્યકિતને અગવડ ન પડે તે રીતે સ્વેચ્છાથી અને કોઈપણ સંગઠન કે વ્યકિત તરફથી કોઈપણ પ્રકારના દબાણ વગર તેમના ખુદના સંકલ્પથી તેમની પોતાની મિલકત ઉપર તેમના ચૂંટણી પ્રતિકને દર્શાવતા બેનર, ફલેગ લગાવી શકશે.

(૩) સ્થાનિક કાયદાઓ જયાં તેના માલિકની પરવાનગીથી ખાનગી જગ્યામાં દીવાલો પર લખાણ કરવાની અને પોસ્ટરો ચોંટાડવાની, હોર્ડિંગ્સ, બેનર્સ વગેરે લગાડવાની મંજુરી આપતા હોય ત્યાં, ચૂંટણી લડતા ઉમેદવારોએ મિલ્કતના માલિક પાસેથી લેખિત પરવાનગી મેળવવાની રહેશે અને આવી મેળવેલ પરવાનગીની નકલ તેમજ પ્રસિધ્ધ કરેલ હોર્ડિંગ્સ, બેનર્સની ફોટોગ્રાફસ બે નકલમાં અને નિયત પ્રોફોર્માના પત્રક સાથે તેમાં (ખાનગી) મિલ્કતના જે માલિક પાસેથી આવી પરવાનગી મેળવી હોય તેનું નામ અને સરનામું, આ હેતુ માટે તેના દ્વારા કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર ખર્ચ તેમાં દર્શાવીને, તે ચૂંટણી અધિકારીને અથવા આ હેતુ માટે તેમના દ્વારા પદનામિત કરવામાં આવેલા અધિકારીને મોકલી આપવાની રહેશે. ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી નિરીક્ષક અથવા ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારી સરળતાથી તપાસ કરી શકે એ માટે, ચૂંટણી લડતા ઉમેદવારે નગર/વોર્ડ/વિસ્તારવાર આવી માહિતી, આવશ્યક પરવાનગી મેળવી લીધા પછી ૩ દિવસની અંદર ચૂંટણી અધિકારીને અથવા અધિકૃત અધિકારીને પૂરી પાડવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/ગ્રા.પ./ચૂંટણી/૦૧/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા સરઘસ દ્વારા તથા લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવતો હોય છે. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને, જિલ્લામાં જાહેર સુલેહ શાંતી અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા જળવાય રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબના હુકમ કરૂ છું.

(અ) લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(થ)તથા કલમ-૩૩ (૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ના નિયમ-૩ને અનુરૂપ તથા નામ. સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન નં. ૭૨/૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫ માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ હોય તે શરતોનું પાલન કરવાનું રહેશે. લાઉડ સ્પીકર ફકત સવારના ૦૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે, વગાડવાનું રહેશે. તદઉપરાંત લાઉડ સ્પીકરના ઉપયોગ વખતે જાહેર પર્યાવરણ અને શાંતિનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

વધુમાં, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ચૂંટણીકાર્યના હેતુ માટે કોઈ પણ પ્રકારના ગમે તે વાહન ઉપર ફીટ કરેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી સવારના ૦૮-૦૦ થી રાત્રીના ૧૦-૦૦ કલાકની વચ્ચે જ આપવામાં આવશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલા હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(બ) સભા-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (૬) તથા કલમ-૩૭ (૧) (ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યા બાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ હોય તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની/બાળવાની.

(ચ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૩) ચૂંટણી સભા-સરઘસ દરમ્યાન આદર્શ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૫ તથા ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ પ્રસિધ્ધ થયાની તારીખથી ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતવિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડયો.

જૂનાગઢ, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

Anil Ranavasiya
જિલ્લા મેજીસ્ટ્રેટ
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0155/06/CSRAJSAVA/202500868/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, એચ આર ટ્રન્સપોર્ટ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળી નિયમો-૧૯૬૫ ના નિયમ-૧૦ અન્વયેની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2005/NSB/12/2002/3011/CH, DT. 21-07-2011.

(૩) મંડળીને ફડચામાં લઈ જવાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૧૭ થી ૯૨૮/૨૦૨૩, તા. ૦૩-૧૧-૨૦૨૩.

(૪) મંડળીને ફડચામાંથી પુનઃ જીવિત કરવા અંગે મંડળીના સભાસદોની તારીખ ૧૦-૦૩-૨૦૨૫ ની રજુઆત.

(૫) મંડળીને ફડચામાંથી પુનઃ રચના કરવા અંગે ફડચા અધિકારીશ્રીનો અભિપ્રાય સાથે તારીખ ૧૯-૦૩-૨૦૨૫ ના રોજની દરખાસ્ત.

(૬) મંડળીની ફડચામાંથી પુનઃજીવિત કરવા અંગે અત્રેનું તારીખ : ૧૯-૦૫-૨૦૨૫ ના રોજનું પ્રાથમિક જાહેરનામું.

હુકમ

ક્રમાંક:ફડચ/ગ-૨/૪૧૫થી૪૨૬/૨૦૨૫.-આથી હું ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે લીધા-(૨) ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ શ્રી અનિડા (વા) જુથ સેવા સહકારી મંડળી લી., મું. અનિડા (વા), તા. કોટડા સાંગાણી, જિ. રાજકોટ (નોંધણી નંબર ૫૭૪૫, તારીખ ૧૮-૧૨-૧૯૬૪) ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૯ ની જોગવાઈઓ મુજબ નીચેની શરતોને આધિન ફડચામાંથી પુનઃ રચના કરવાનો હુકમ કરૂ છું.

શરતો :

(૧) આ હુકમની તારીખથી ૧(એક) માસમાં ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીની સાધારણ સભા બોલાવી, મંડળીની નવી વ્યવસ્થાપક સમિતિની રચના કરી, મંડળીના નવા હોદેદારોની વરણી કરવાની રહેશે. ત્યાર બાદ ફડચા અધિકારીશ્રી હસ્તકનો મંડળીનો ફડચા અંગેનો દફતરી ચાર્જ નવા હોદેદારોને ફડચા અધિકારીશ્રીએ સુપ્રત કરવાનો રહેશે. તેમજ તે અંગેનો અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

(૨) નવી અસ્તિત્વમાં આવેલ વ્યવસ્થાપક સમિતિએ મંડળીને ફડચામાં લઈ જવા અંગે અત્રેના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૮૮/૨૦૧૯, તારીખ ૧૦-૦૬-૨૦૧૯ ના વચગાળા આદેશમાં જણાવેલ ક્ષતીઓની દફતરે વાસ્તવીક દુરસ્તી કરી તે અંગેનું અદ્યતન રેકર્ડ રાખવા તેમજ વચાગાળા આદેશમાં જણાવેલ ક્ષતીઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે જોવાનું રહેશે.

(૩) મંડળીનો વહીવટ/કામકાજ કાયદા-નિયમ અને મંજુર થયેલ ઉપનિયમોની જોગવાઈઓ અનુસાર મંડળીના સભાસદોના તેમજ સહકારી પ્રવૃત્તિના વિશાળ હિતમાં કરવાનો રહેશે.

(૪) ઓડીટરશ્રી કે ખાતાના અન્ય અધિકારી કે સરકારશ્રીની અન્ય કચેરી તરફથી માંગવામાં આવે તે માહિતિ/દફતર/પત્રકો/વિગતો સમયમર્યાદમાં રજુ કરવાના રહેશે. મંડળીનું નિયમાનુસાર સમયમર્યાદામાં ઓડીટ પુર્ણ થાય તે માટે મંડળીએ પુરતો સહકાર આપવાનો રહેશે.

(૫) ઉકત શરતોનું પાલન કરવામાં મંડળી નિષ્ફળ જણાયેથી મંડળીને ફરી ફડચામાં લઈ જવાની અત્રેને ફરજ પડશે.

રાજકોટ, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : સપવ/ગ-૨/૮૫૧/૨૦૨૩, તા. ૧૦-૧૦-૨૦૨૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

(૪) શ્રી મારૂતી ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી., મું. મેટોડાનો તારીખ : ૩૦-૦૫-૨૦૨૫ નો પત્ર.

(૫) શ્રી મારૂતી ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી., મું. મેટોડાનો તારીખ : ૧૦-૦૭-૨૦૨૫ નું રોજકામ.

આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૦૫ થી ૪૧૪/૨૦૨૫.-આથી હું, ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉકત વંચાણે લીધેલ -(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી મારૂતી ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી., મું. મેટોડા, તા. લોધીકા, જિ. રાજકોટ, નોંધણી નંબર : સા-૨૮૩૭, તારીખ ૧૫-૦૧-૨૦૦૭ ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અત્રેના આદેશ ક્રમાંક : સપવ/ગ-૨/૮૫૧/૨૦૨૩, તા. ૧૦-૧૦-૨૦૨૩ ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આથી રદ કરૂં છું.

રાજકોટ, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ડો. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, રાજકોટ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0007/07/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી સુરભી પોસીબલ-૨ કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSACO202500950, DATE 08-07-2025 છે.

રાજકોટ, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0005/07/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સુરભી પોસીબલ-૨ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSAHAA202500949, DATE 08-07-2025 છે.

રાજકોટ, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0015/07/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સિલ્વર લગૂન કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ. જશવંતપુર, તા. લોધિકા, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો (નોંધણી નંબર : CSRAJSAHAA202500994, DATE 15-07-2025 છે.

રાજકોટ, ૧૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વાય. ડી. દુધાત્રા
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Government Press & Stationery, Rajkot
Manager
Date : 2025.07.24 16:45:36 IST